Mrs. ...

Mio...

Authoress of "A...

Emergencies" and

Delivery of Wom...

Injurious Practices ...

વંધ્યત્વ અથવા વ...

આ પુસ્તક

(મરહુમ ડૉક્ટર મિસિસ ..., પી.-એચ. ડી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મુંબઈ.

"... મિસિસ ... " પ્રિંટિંગ પ્રેસ.

સને ૧૯૦૦ ઈ૦

કિંમત ... આના.

...ા કતા. ... સુભગાદી

...છું. તેઓને પ્રસૂતિ સંબંધે

...શીખવું પડે છે. પુસ્તકોમાં

...ગ્યછે. એમના જ્ઞાનને કરી, ઘણા

...ટ પ્રકટ કર્યું છે. તે હેતુ સિદ્ધ થશે.

...૦ મેહેતા. એલ૦ એમ૦ એસ૦

...ણીને સંતોષ ઉપજેછે કે, [illegible]એ ...નારે અંગે ઘણોજ ઉપયોગી છે અને હું ...ની એકેક પ્રત દરેક કુટુંબમાં જાશે ... ...રશેઠજી ડેવીડના. એલ૦ એમ૦ એસ૦ [ચીફ ...]

૩૮૨૯

...આપણે રચેલા 'સુભગાદી' નામે પુસ્તકમાં સ્વાભાવિક પ્રસૂતિ-...વિધિ સંબંધે ઉપયુક્ત માહીતી આપેલી છે. અને જે લોકોમાં ...અજ્ઞાનતા છે, તેવા લોકોમાં, તથા કુટુંબને દરેક સ્ત્રીને ઉપયોગી થઈ પડશે; તથા તે સુભગાદી જે આ પુસ્તકમાં આપેલી ...પ્રમાણે વરતશે, તો લોકોનું મોટું કલ્યાણ થશે.—ડા૦ [illegible] ...ભાઈ. જી૦ જી૦ એમ૦ સી૦ [કચ્છના મેડિકલ ખાતાના ઉપરી.]

---

(૪) ડૉ૦ [illegible]નું 'સુભગાદી' નામનું પુસ્તક મેં આનંદ પૂર્વક વાંચ્યું છે. અને જે બહેનો પ્રસૂત થતી વખતે, તથા તે પ્રસૂત થયા પછી, તેઓની અવસ્થા શી રીતે કરવી, તે એમાં કહેલું છે, અને તેજ પ્રમાણે સુશિક્ષિત દાક્તરો અને અનુભવી દાઈઓ એવે પ્રસંગે જે ઉપચાર કરીને અનુસરેછે, તે સઘળી વિધિ પણ આ પુસ્તકમાં કહેલી છે, તે માટે કોઈપણ કુટુંબે આ સુભગાદી પુસ્તક વગર રહેવું નહીં.—ડા૦ [illegible] આર૦ ત્રિવેદી. એલ૦ આર૦ સી૦ પી૦, એલ૦ એમ૦, ઇ૦ [એડિનબરો અને લંડન.]

---

* આ પુસ્તકની કિંમત આના ૮, અને ટપાલ ખરચ વગેરેના આના ૨, છે. આ પુસ્તક, તેમજ, [illegible]ના બનાવેલાં બીજાં પુસ્તકો, તેમની પોતાની પાસેથી, નીચે છાપેલાં ઠેકાણાપર મળશે.—

ઠેકાણું —[illegible]નું ઔષધાલય દવાખાનું—નં૦ ૧, [illegible], (કોટ [illegible]) મુંબઈ.

ઉપોદ્‌ઘાત. ૧૩૬૮

[આરોગ્ય મંદિર લોકોપયોગ માટે ખુલ્લું થયા પછી, પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયલો **સૌ૦ રેબેકાબાઇનો** આ પ્રથમજ લેખ હોવાને લીધે, અને વળી આગળ પણ સ્ત્રિઓને ઉપયુક્ત એવા તેના અનેક લેખો અને વ્યાખ્યાનો પ્રસિદ્ધ થવાના છે તેને માટે, પોતાની દેશ ભગિનીના હિતાર્થે, તેણીએ મનોભાવ કરીને વેચેલા પોતાના આયુષ્ય ક્રમમાંની કેટલીક બાબતોની સંક્ષિપ્ત માહિતી આ ઉપોદ્‌ઘાતમાં આપેલી છે. અને વળી તેજ પ્રમાણે આ આજ પુસ્તક રૂપે પ્રસિદ્ધ થનારી **"વંધ્યત્વ"** સંબંધેની પણ માહિતી આપેલી છે.] **સિમિયન બી૦ વૉકર.**

"વંધ્યત્વ" અથવા **"વાંઝીઆપણું"** જેણે કે આજ અસ્માર્ત કાળથી સર્વ જગતને, તેમાં પણ વિશેષ કરીને આપણા દેશને ભયભીત કરીને મુક્યો છે. તે માત્ર શબ્દજ ધિઃકારવાથી થયો છે. અને જે વિષય આ નાના સરખા પુસ્તક રૂપે આપની આગળ આજ હાજર થયો છે તે, પોતાની દેશભગિનીના કલ્યાણ વિષે, કાયા વાચા મને કરીને, નિરલસપણે સતત ઉદ્યુક્ત હોનારી **સૌ૦ રેબેકાબાઇ, મિડવાઇફ, જી. એમ. સી.** એના. પોતાના ધંધામાં પુષ્કળ વર્ષના મેળવેલા અનુભવનું, તેના સૂક્ષ્મ રીતે અવલોકનનું, ઉદ્યોગનું, અને વળી તેના પોતાની દેશ ભગિની વિષેના જે કળકળાટ તેનું, આ ફળ છે. પોતાના અનુભવને છુપી રાખીને, તે પોતાનો અનુભવ, પોતાનો શ્રમ, પોતાનો કાળ ઇત્યાદિ પોતાની દેશ ભગિનીના હિતાર્થે મનોભાવ કરીને ઉપયોગમાં લગાડવા, એવો તેમનો હેતુ હોવાથી તે પ્રીત્યર્થે તેનો ઉદ્યોગ સતત ચાલુ છે.

તે ગ્રાંટ મેડિકલ કોલેજમાં પાસ થઇને પોતાનો ધંધો ચલાવવા લાગી ત્યારથી સ્ત્રી સમાજમાં વ્યાખ્યાનો આપી અને નિબંધો વાંચી પોતાના ધંધા સંબંધી અનેક વિષયોપર મરાઠી અને ગુજરાતી વર્તમાન પત્રોમાં વારંવાર વિષય લખીને અને પુસ્તકો પ્રસિદ્ધ કરીને પોતાની દેશ ભગિનીઓને પોતાના જ્ઞાનનો, પોતાના અનુભવનો, પોતાના શ્રમનો, અને પોતાના વખતનો, જેણે કરીને ઉપયોગ થાય, તેમ કરવાને માટે તેનો આજ ૨૨ વર્ષો થયા સતત પ્રયત્ન ચાલુ છે; ને ત્યારથી તે આજ વેળ પર્યંત કાંઇને કાંઇ પણ કરેજ છે. એવા તેનાં સદ્ ઉદ્યોગના, સદ્‌ઇચ્છાના અને પોતાની દેશ ભગિનીની કાળજી વિષેનાં અનેક ઉદાહરણો છે.

પ્રથમ રેબેકાબાઇ જેવારે પોતાનું સુયાણીપણાનું કામ કરવા લાગી, તેવારે તેણીને તરતજ માલમ પડી આવ્યું, " ગર્ભવંતી સ્ત્રીને ગર્ભધારણના દિવસો પોતે કેવી રીતે ગણવા અને ભાવી પ્રસૂતિકાળ કેવી રીતે ઠેરવવા, તે તેમને બરોબર માલમ ન હોવાથી તેણે કરીને વારંવાર મોટા ઘાતક પરિણામ થાય છે. પ્રસૂતિના દિવસ ખરેખરા પુરા ન થયલા છતાં કેટલાં કારણથી તેણીના પેટમાં દુઃખવા લાગ્યું કે તેના દિવસ ભરાઇ ગયા એમ સમજીને, તે મિથ્યા વેદના બંધ

કરવાનો તેણીનો ઇલાજ બાજુ છોડીને, ખોટી સમજથી અપકવ સ્થિતીમાંજ તેની પ્રસુતિ કરાવવાનો પ્રયત્ન કરવા લાગે છે. તેથી કરીને મોટી હાની થાયછે. ગર્ભિણીને ખાલી કષ્ટાવે છે, અકાળે ગર્ભ સ્ત્રાવ થાય છે, સ્ત્રીની ઇંદ્રિયોને ઇજા પહોંચે છે. તે જોઇ, તે બાબે લોકોને સાવધ કરવા, એવા હેતુથી **રેબેકાબાઇએ** ઇ૦ સ૦ ૧૮૭૮ માં એટલે આસરે (૨૧) વર્ષે પેહેલાં આ વિષય સંબંધી લોકોને યથાસ્થિત સમજ પડે એટલા માટે, **"ગર્ભીણી ક્યારે પ્રસૂત થશે, તે ઠેરવવાની રીતી"** આ વિષયપર દેશી વર્તમાન પત્રોમાં પત્ર વ્યવહાર ચલાવી લોકોને તે વિષે માહિતી આપી હતી.

તેજ પ્રમાણે તે પછી સુવાવડીને પટો કેવી રીતે બાંધવો, તેનો ઉદ્દેશ શો, તેનાથી આપણે કયું કાર્ય સાધી લેવાનું છે, ઇત્યાદિ બાબતોની માહિતી ન હોવાથી ગમે તે બાઈ, ગમે તેવું કપડું લઈને, તેની મરજીમાં આવે તેમ, સુવાવડીના કમરે વિટાળે છે. તેનાથી જોઇએ તેવું કાર્ય ન થતાં તે અનેક વેળા શિથિલ રહે છે. પેટના ચામડાં જુલતાં થાય છે, અને અંદરની ઇંદ્રિયો શિથિલ (ઢિલી) પડે છે, ગર્ભાશય સ્થાનભ્રષ્ટ થાય છે, એવા અનેક પ્રકાર બને છે. તેટલા માટે સુવાવડીને પટો કેમ બાંધવો એ પ્રત્યેક કુટુંબની સ્ત્રીઓને જાણવું અવસ્યનું છે. એમ સમજીને **રેબેકાબાઇએ** ઇ૦ સ૦ ૧૮૮૨ માં મરાઠી અને ગુજરાતી વર્તમાન પત્રમાં "સુવાવડીનો પટો" એ મથાળા નીચે, ઘણો સારો વિષય લખીને પ્રસિદ્ધ કરયો, અને તે પછી પોતેજ સ્ત્રીઓ માટે તેવા સાદા અને રબરના એવા બે પ્રકારના પટા તૈયાર કરાવ્યા.

એને બીજે વર્ષે એટલે ઇ૦ સ૦ ૧૮૮૩ માં, વિલાયતથી સ્ત્રી ડાકટર લાવવા વિષે મુંબઈના લોકોએ ખટપટ ચલાવી હતી. તે વેળાએ, "તે પરદેશીય ડાકટરણીને આણવી, અને તેને જો આણી તો પણ અહિઆં ગ્રાંટ મેડિકલ કૉલેજમાં નેટિવ (સ્વદેશી) સ્ત્રી ડાકટર તૈયાર કરવાનો એક વર્ગ દેશી ભાષામાં ચાલુ કરવો, એટલે મરાઠી અને ગુજરાતી ભાષા બોલનારી એવી અનેક જાતીની હિંદુબાઇઓ, તેમજ ઇસ્રાએલ, પારસી, મુસલમાન વગેરે જાતીની બાઇઓ આ વર્ગમાં તૈયાર થઇને આપણા દેશના લોકોને તેમના થકી વિશેષ લાભ થશે. ઉપરાંત આ લાભ મધ્યમ સ્થિતિના લોકોને અને ગરીબને પણ સહજમાં મળશે. પરદેશીય સ્ત્રી ડાકટરણીને અહિંની ભાષા અને રીતિ રીવાજની સમજ ન હોવાથી મોટી અસઘવડ થઇ પડશે; દેશી ભાષામાં શારીર શાસ્ત્ર, ઈંદ્રિયવિજ્ઞાન શાસ્ત્ર, રસાયન શાસ્ત્ર, ઔષધિ વિદ્યા, વૈદ્યક તત્વ, શસ્ત્ર વૈદ્યક, ગર્ભ વિદ્યા, અને પ્રસુતિકરણ, ન્યાય વૈદ્યક, સ્ત્રીરોગ વિજ્ઞાન, સંયોગજન્ય રોગ, ઇત્યાદિ જે શાસ્ત્રો સારા વિદ્વાન ડાકટર થવાને જરૂરનાં છે, તે શાસ્ત્રોપર પુસ્તકો છપાયલાં તૈયાર છે; કારણકે તે માહેનાં ઘણાં ખરાં પુસ્તકો ગ્રાંટ મેડિકલ કાલેજમાં પુરૂષ ડાકતર તૈયાર કરવાનો જે મરાઠી વર્ગ ચાલુ હતો, તેને માટે સરકારે છાપેલાંજ હતા. અને તે શિવાય બીજા અનેક પુસ્તકો, બીજા વિદ્વાન દેશી દાકતરોએ પણ પ્રસિદ્ધ કરેલાં છે, એટલે વૈદ્યકના સર્વ વિષયનો અભ્યાસ કરાવવામાં કાંઈ હરકત પડે એમ નથી; તેમજ એ વિષય શિખવવાને મરાઠી અને ગુજરાતી ભાષામાં હુશિઆર અને અનુભવીક એવા અનેક શિક્ષક પણ તૈયાર છે. મતલબ ગ્રાંટ મેડિ-

કલ કૉલેજમાં જે પ્રમાણે પુરૂષ ડાકતર મરાઠીમાં તૈયાર કરવાનો વર્ગ હતો, તેમજ ગુજરાતીમાં પણ પુરૂષ ડાકતર તૈયાર કરવાનો વર્ગ હતો. ઉપરાંત મરાઠી અને ગુજરાતી સુયાણીના પણ વર્ગ હતા, અને વળી સ્ત્રી ડાકતર તૈયાર કરવાનો વર્ગ સુરૂ થયાથી પુષ્કળ બાઇઓ તે વર્ગમાં આનંદથી સામેલ થશે. સારાંશ શિખનારી બાઇઓ, શિખવનારા ડાકતર અને અભ્યાસ કરવાનાં પુસ્તકો ઇત્યાદિ સર્વ બાબદ અનુકૂળ છે. ત્યારે તે પ્રમાણે સ્ત્રી ડાકતર તૈયાર કરવા માટે ગ્રાંટ મેડિકલ કૉલેજમાં તેવો એક એક વર્ગ સુરૂ કરવાથી તે વર્ગ યશસ્વી નીવડીને તે કરેલું સર્વે સમાજ અને સમુદાયને કલ્યાણકારક થઇ પડશે." આવા સંબંધનો સારો સપ્રમાણ, સાધાર અને સયુક્તિક પત્ર લખીને અને તે મરાઠી ગુજરાતી વર્ત્તમાન પત્રોમાં પ્રસિદ્ધ કરીને તે વિષય લોકોનાં મનમાં ઉતારવાને માટે **સૌ૦ રૅખેકા બાઇએ** પ્રયત્ન કરયો હતો. અને તેની સૂચના પ્રમાણે અને આ સ્તુત્ય પ્રયત્ન પ્રમાણે જો તે વર્ગ સુરૂ થયો હોત, તો આ દેશનાં લોકોનું ઘણું કલ્યાણ થયું હોત. પરંતુ દુઃખની વાત એ છે કે તેમ કાંઈ પણ બન્યું નહીં. હશે, કહેવાનો સારાંશ એ છે કે તે '**સૌ૦ રૅખેકાબાઇ**' એ પોતાનો ધંધો ચલાવીને, કેવળ પેટ ભરીને કાળ ક્રમણે કરે છે એમ નથી; પણ તે આજ બાવીસ વર્ષો પેહેલાં પાસ થઇ ત્યારથી પોતાની દેશ ભગિનીઓને સંબંધે મનમાં કળવળાટ અને કાળજી ધરીને, તેઓના કલ્યાણ માટે વર્ત્તમાન પત્રોમાં લેખ લખવા, તેમની આગળ નિબંધ વાંચવા, અને વ્યાખ્યાનો આપવાં, વળી તે છપાવી પ્રસિદ્ધ કરવાં, એમ અનેક પ્રકારે પોતાના જ્ઞાનનો, અનુભવનો, વખતનો અને શ્રમનો લાભ પોતાની બેહેનોને આપવાનો આ તેનો ક્રમ છે.

આ ક્રમને અનુસરીને આ પુસ્તક રૂપે જન સમૂહ આગળ આજ સાદર થયલો આ **"વંધ્યત્વ"** અથવા **"વાંઝીઆપણું"** નામના અત્યંત ઉપયુક્ત અને મહત્વના વિષયનો ૧ લો ભાગ, ઇ૦ સ૦ ૧૮૯૦ ની સાલમાં પુણા શેહેરમાંથી નીકળતા મરાઠી વર્ત્તમાનપત્ર "સુધારક" ની અંદર પ્રથમ પ્રસિદ્ધ થયો હતો, તેવારે તે મહારાષ્ટ્રના લોકોને પસંદ પડવાથી તે પુસ્તક રૂપે છાપી પ્રસિદ્ધ કરવાને સારૂ પુષ્કળ ગૃહસ્થો તરફથી સૂચના થઇ હતી. પરંતુ તે વિષય અપૂર્ણ હોવાના કારણથી તે તેમની સૂચના તે પ્રસંગે માન્ય કરવામાં આવી નહી હતી.

મહારાષ્ટ્રના લોકોને તે વિષય એટલો ગમ્યો કે તે જોઇ તેનું ગુજરાતી ભાષાન્તર કરીને તે વિષય ઇ૦ સ૦ ૧૮૯૧ માં મુંબઇના "ગુજરાતી" સુરતના "ગુજરાત મિત્ર" અને અહમદાવાદના "હિતેચ્છુ" આ ત્રણ ગુજરાતી વર્ત્તમાન પત્રોમાં તે છપાવી પ્રસિદ્ધ કરયો. ત્યારે ગુજરાતી ભાષા જાણનારાને પણ તે મહારાષ્ટ્રના લોકો પ્રમાણેજ અત્યંત ઉપયુક્ત લાગવાથી તેમની પ્રમાણેજ તે પુસ્તક રૂપે નિરાળો છાપવા માટે કેટલાક ગૃહસ્થો તરફથી સૂચના થઈ. પરંતુ પૂર્વોક્ત કારણને લીધે અર્થાત તે અપૂર્ણ હોવાના સબબથી તેમની પણ તે સૂચના માન્ય થઈ શકી નહીં.

સૌ૦ રૅખેકાબાઇ ઈ૦ સ૦ ૧૮૭૭ માં પાસ થઇ ત્યારથી મુંબઇમાં, બહારગામ અને રાજરજવાડામાં, અનેક જાતીનાં, ધર્મનાં, સ્થિતિનાં, કોમનાં અને

અનેક ભાષા બોલનારાં લોકોમાં કાળજી પૂર્વક નિરલસપણે તદન મનોભાવે કરીને અને યશસ્વી રીતીએ કામ કરનારી હોવાથી તેનું કામ વધી વધીને આગળ એટલું વધ્યું કે પોતાનાં કામમાં જે પ્રતિદિન પ્રસૂતિ સંબંધી; સગર્ભપણાસંબંધી; સ્ત્રિના રોગગ્રહણ સંબંધી; તેમજ લોકોની ચાલ, રીતીરિવાજ, સારીમાઠી સમજુતી, તેમનો દવાદારૂ કરવાનો ઘરગુતી પ્રકાર, તેમનું ધર્મભોળાપણું; તેમજ કોઇપણ, ડાક્ટર, વૈદ્ય કે હકીમ અથવા બીજા કોઇએ પણ કોઇને ઔષધ આપેલું અથવા ઉપચાર કહેલો તેનું; અથવા કરેલું તેનું; અને તેમજ સલાહ મસલતનું પરિણામ કેવું આવ્યું તેનું; તથા પોતે આપેલાં ઔષધ અને કરેલા ઉપચારનું અથવા સલાહ મસલતનું પરિણામ શું થયું; વગેરે વગેરે અનેક બાબતનું સવિસ્તર ટિપ્પણ કર્યા શિવાય તેણીએ અન્ન સેવન કરવું નહીં. એવો તેનો કેટલાંક વર્ષો સુધી પરિપાક ચાલ્યો તોપણ દિવસપર દિવસ ચાલ્યા જાય, વખતે એકાદ બીજું આખું અઠવાડીઉં પણ નીકળી જાય, તથાપિ તે ટિપ્પણ લખવાને તેણીને અવકાશજ મળે નહીં. એવી સ્થિતિ થઇ. આવી દુર્ઘટ સ્થિતિમાં આ વંધ્યત્વનો વિષય પુરો કરવાને આજ હાથમાં લઇશ, કાલે હાથમાં લઇશ, એમ કરતાં કરતાં એક વર્ષ નીકળી ગયું, તોપણ તે વિષય હાથમાં લેવાનું બન્યું નહીં. પછી બરાબર સવા વર્ષને છેવટે તે એક વખતનું મરાઠીમાં લખાઇ પુરૂં થયું. અને ઇ૦ સ૦ ૧૮૯૨ નાં આરંભમાં તે "સુધારક" પત્રમાં છપાઇ બહાર પડયો. અને તે પછી પાંચ છ મહીને તેનું ગુજરાતી ભાષામાં ભાષાન્તર થઇને "ગુજરાતી" અને "ગુજરાત મિત્ર" એ બે પત્રમાં તે પ્રસિદ્ધ થયો.

આ પછી પણ અનેક સજ્જનો તરફથી આ લેખ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થવામાટે બહુ સૂચના થઈ. તોપણ **રેબેકાબાઇના** સાત આઠ વ્યાખ્યાનો અને કેટલાક નિબંધો જે સ્ત્રિઓને ઉપયુક્ત એવા વિષયપરના તૈયાર હતા તે, તથા આ લેખ એવા એકંદર સર્વ વિષય, મોટા પુસ્તકરૂપે "સ્ત્રિઓનો મંત્રી" એવા નામથી પ્રસિદ્ધ કરવાનો વિચાર હતો. તે માટે આ **"વંધ્યત્વ"** નો વિષય તેવારે નિરાળો છાપવામાં આવ્યો નહીં. તેમજ તે પછી આવેલી અનેક અડચણોને લીધે તે એકજ સમગ્ર પુસ્તક છપાવીને પ્રસિદ્ધ કરવાનો હેતુ પણ સિદ્ધિને પામ્યો નહીં. અંતે આજ એક પુસ્તક નિરાળું પ્રસિદ્ધ કરવાને નિશ્ચય કર્યો. એ પુસ્તક લોકોને કેટલું પસંદ પડેછે. અને તેનો ઉપયોગ તેમને કેવે પ્રકારે થાયછે, તે જોઇને **સૌ૦ રેબેકાબાઇના** બીજા વ્યાખ્યાનો અને નિબંધો એક પછી એક એવી રીતે પ્રસિદ્ધ કરવાનો વિચાર છે; તથાસ્તુ.

આ પુસ્તક અમારી દેશ ભગિનીઓને અને બંધુ જનોને, તેમની અનર્થ કારક સમજુતી દુર કરવાને અને તેમના આચરણ સુધારવાને કાંઇ પણ અંશે કારણ ભૂત થયું, એવું આ લેખ લખનારીએ સાંભળ્યું, એટલે તેણીના શ્રમનું સાર્થક્ય થયું, એવું તે સમજશે, અને પોતાની દેશ ભગિનીના ઉપયોગાર્થે વિ- શેષ લેખ લખવાને અને પ્રસિદ્ધ કરવાને તેને ઉત્તેજન મળશે.

૧૪૨૯

વંધ્યત્વ અથવા વાંઝીઆપણું.

સાધારણ રીતે છોકરાંની લલુતા (આવડ) પુરૂષમાં તો હોય છે, પરંતુ સ્ત્રીઓને તો તે ઘણીજ, અનહદ હોય છે, એ વાત કોઇને અજાણી નથી. ગયા પંદર વરસના* મારા ધંધામાં એ વિષે જે અનુભવ મને થયો છે, તે પરથી આ વિષયના સંબંધમાં કેટલોક પ્રકાર મારા જાણવામાં આવ્યો છે. તેનો વિચાર જ્યારે મનમાં આવે છે એટલે ઘણીજ ખરાબ લાગણી થાય છે. એ બેહદ લલુતાને લીધે, તેવી બાઇને કોઈએ કાંઇ કહ્યું કે તે, તે ઇલાજ કરવાને તઇયાર થાય છે. વ્રત, અપવાસ કરીને દેહ કષ્ટ કરે છે, અનેક દેવાદીઓ અને પીર પેગંબરોની માનતા તથા બાધા રાખે છે; ભુઆ, બાવા, દેવર્ષી, ભગતડાં વગેરે પાસે દોડેછે; કંટાળો ઉપજે એવા ઇલાજ અને ટુચકા અને બળતા સળતા દવાદારૂ અને બીજા અપ્રયોજક ઈલાજો પણ ઘણાક કરે છે. પણ તેમની ઘણી નિરાશા થયલી જોવામાં આવે છે. સ્ત્રીઓની આ છોકરા સંબંધીની બેહદ લલુતાને લીધે અને વળી તેની સાથે વિશેષે કરીને તેમના અજ્ઞાનપણાને લીધે તેમાંથી અનેક પ્રકારના અનર્થકારક પરીણામ નીપજે છે. અને એથી એ ભોળી અને અજ્ઞાન બાઇઓને ઠગ અને ઢોંગી લોક નાના પ્રકારની ભુલથાપ આપીને ફસાવે, તેમના પૈસા પડાવી લે, અને તેમની પાસે અઘટીત કર્મો કરાવે, વળી વિશેષ શું કહું ? કેટલીકોની નીતિને પણ ડાગ પહોંચાડવાને એવા અધમ માણસો કદાચ ચુકતા નહી હોય. વળી તે માણસ

* આ લેખ પેહેલા ઈ૦ સ૦ ૧૮૯૧ માં વર્ત્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરાવેલો હતો.

પુરૂષજ હોય છે એમ નથી, પણ સ્ત્રીઓની ભરણી પણ તેમાં ઘણી હોય છે. એ માણુસો પોતાના હાથ નીચે કેટલાક પ્રપંચી અને નીચ માણુસોને રાખીને તેમની મારફતે છોકરાં આપવાનું સામર્થ પોતાનામાં છે એવી કીર્ત્તિ અજ્ઞાન લોકોમાં ફેલાવે છે, તથા ખોટી મોટી જાહેરાત પ્રસિદ્ધ કરીને એવી ભોળી અને વળી છોકરાની લલુતામાં થયલી ગાંડી એવી બાઇઓ પોતાની પાસ આવે એમ કરે છે. અને પછી તેમની આ છોકરા આપનારા દાતાર લોક સાથે એક વેળા ગાંઠ પડી કે તે તેની જાળમાં સપડાઇ ગયલીજ સમજવી; અને પછી તેના પંજામાંથી છુટી થવા જાય તો તે છુટી શકતી નથી. એ સઘળું અજ્ઞાનતાનું પરીણામ કહેવાય. તે વારે આ વંધ્યત્વ એટલે વાંજીઆપણના સંબંધમાં ખરી સ્થિતિ શી છે તે સમજવામાં આવે તો એવી બાઇઓનો થોડો પણ ભરમ દુર થાય એવું સમજ્યાથી આ લેખ લખ્યો છે.

સ્ત્રીઓના વાંઝપણા વિષે શાસ્ત્ર રીતીએ વિચાર કરવા જઇયે તો ગર્ભ ધારણ સાથે જેનો સંબંધ એવાં જે સ્ત્રીજનનઇંદ્રિયો, તેની રચના કેવી છે, ગર્ભ સંભવ કેમ થાય છે અને તેને પ્રત્યવાય (અડચણ) કયા કારણથી આવે છે, એટલી વાતનો તો થોડો થોડો પણ વિચાર થવો જોઇએ; એટલે છોકરૂં થવા ન થવાના સંબંધમાં થનારી તેમની અજ્ઞાન મૂલક સમજ, દુર થવામાં કાંઇ સહાય હાંસલ થશે.

સ્ત્રી જનન ઇંદ્રિયના, બાહ્ય જનન ઇંદ્રિય અને અંતર્જનન ઇંદ્રિય એવા બે વિભાગ કરેલાછે, તે પૈકી બાહ્ય ઇંદ્રિય કેવળ સંયોગ સાધક હોવાને લીધે તેનો આ જગોએ વિશેષ વિચાર કરવાનું આપણુને કારણ નથી. ઉપરાંત તે ઇંદ્રિય એકાદી સ્ત્રીને સ્વાભાવીક (કુદરતી) હોવી જોઇએ તેવી છે કે નહી, એ સાધારણ રીતે દૃષ્ટિ ગોચર થવા જેવું (નજરેથી જોવાય તેવું) છે, અને ઘણું કરીને કોઇને પણ સમજી શકાય એવું છે. અને જેને તે ન હોય અથવા હોવા છતાં તે કેવળ અપૂર્ણ હોય, તે છોકરાં થવા સારૂં અહીં તહીં દોડવાનીજ નહી,

અને તેની આગળ કોઈની કાંઇ ઠગબાજી પણ ચાલવાની નહી; તથા કાંઈ ઇલાજ હોવા જેવો હશે તો તે યોગ્ય રીતીએજ થવાનો, પરંતુ અંતરેંદ્રિયની વાત તેવી નથી. કેમકે તે બહારથી દેખાય તેવી ન હોવાને લીધે તેના સંબંધમાં ઘણી સ્ત્રીઓને ફસાઈ જવાનો સંભવ છે. તે માટે આ ઇંદ્રિયોના સંબંધમાં મુખ્યત્વે કરીને કાંઈ પણ વિચાર થવો જોઈએ.

એ અંતર્જનન ઇંદ્રિયો એકંદર પાંચ છે, અને તે સઘળી કેડના કટેરાની અંદર છે. એક ગર્ભાશય; આ કટેરાના મધ્ય ભાગમાં પેડુમાં હોય છે. બે અંડાશય; એ ગર્ભાશયની જમણી બાજુએ એક તથા ડાબી બાજુએ એક એવા સુમારે ચાર ઇંચના અંતરપર હોય છે, અને બેઉ અંડાશયની નલીકા (ફ્યાલોપીયન નામની); આ ગર્ભાશયના મુળ થડમાંથી એક એક જુદી નીકળીને એક એક અંડાશયને જઈ મળે છે, અને એ સર્વ પાંચે ઇંદ્રિયો ગર્ભોત્પાદક (ગર્ભ પેદા કરનાર) થાય છે. બાહ્ય ઇંદ્રિયો જોઇએ તેવી પૂર્ણ થવાથી સંયોગને કોઈ પણ પ્રકારની હરકત થવા જેવી ન હોવા છતાં, અંતરેંદ્રિય સઘળીજ યથાસ્થીત નથી હોતી એવા અનેક દાખલા જોવામાં આવે છે. કોઇને ગર્ભાશયજ મુળમાં હોતો નથી અને ગર્ભાશયનો અભાવ હોવાથી (ગર્ભાશય ન હોવાથી) આર્ત્તવ વ્યાપાર એટલે રૂતુ પ્રાપ્તિ કદી પણ થવાની નહી. પરંતુ રૂતુ પ્રાપ્તિ ન થવાથી ગર્ભાશયનો અભાવ છે એવું માત્ર ખાત્રી પૂર્વક અનુમાન કરી બેસવું કામનું નથી. કેમકે, ગર્ભાશય યથાસ્થીત હોવા છતાં પણ ૧૬—૧૮—૨૦—૨૫ વર્ષની ઉંમર પર્યંત પણ બીજું કાંઈ તરેહવાર પ્રકૃતિ વિલક્ષણ હોવાના કારણથી, કેટલીક બાઇઓને રૂતુ પ્રાપ્તી થતી નથી. વળી એટલુંજ નહીં પણ મુદલ રૂતુ પ્રાપ્તી ન થવા છતાં છોકરા થવાના કેટલાક દાખલા જોવામાં આવ્યા છે.

ગર્ભાશય છે કે નહીં એ જાણવાનાં સાધનો હોવાથી તેને યોગે સારી ખાત્રી પૂર્વક પરિક્ષા કરવામાં આવે છે. કોઈને અંડાશય કે તેની

નલીકા હોતી નથી, પણ તે ઇંદ્રિયો છે કે નહીં તેની પરિક્ષા કરવાનું કાંઇ સાધન નથી. ગર્ભ ધારણને તો આ સર્વ ઇંદ્રિયો હોવાની આવશ્યકતા છે; તે શીવાય કદાપિ ગર્ભ ધારણ થનારજ નહીં. અને તે નહી હોય તો તે ઉત્પંન કરવાને આખા દુનયામાં કોઇ પણ ઠેકાણે તેનો ઇલાજ મળવાનો નહીજ. એને અભાવે જે પ્રાપ્ત થાય તેજ માત્ર ખરૂં વાંઝપણ છે, અને તે કેવળ અસાધ્ય છે. એવા પ્રકારની બિચારી હતભાગ્ય વંધ્યા સ્ત્રીઓએ છોકરાં થવાની આશા સ્વપ્નામાં-પણ રાખવી નહી. તથાપી તેની અંદર, આનંદ માનવા જોગ વાત એટલીજ છે કે, આવી ગર્ભઉત્પાદક ઇંદ્રિયોને અભાવે કરીને વાં-ઝપણાને પામેલી સ્ત્રીઓ કવચિત મળી આવે છે. કદાચિત સો વાંઝણી સ્ત્રીમાં એકાદ મળે ન મળે. પરંતુ એ શીવાય આ ગર્ભો-ત્પાદક ઇંદ્રિયો મુળથી સ્વભાવીક હોવી જોઇએ તેવી હોવા છતાં પણ તેને કાંઇ વિકૃતી થવાથી ગર્ભ સંભવને ખલેલ પહોંચે છે. અને એવાજ સેંકડે નવાણું ઉદાહરણો મળી આવે છે. ત્યારે તે વિકૃતી, યોગ્ય ઉપાય અને ઉપચારથી દુર કરી, એટલે થયું. એ સર્વ પ્રકાર સાધ્ય થાય છે. ગર્ભ ધારણમાં બાધક અડચણો કેવી રીતે આવે છે, તે સમજવા સારૂં, ગર્ભ સંભવ કેવી રીતે હોય છે એ પ્રથમ સમજવું ઠીક પડશે. સ્ત્રી બાહ્ય જનન ઇંદ્રિયોમાં, યોની એ મુખ્ય છે. તેની અંદરથી પુરૂષ રેતજંતુ ગર્ભાશયમાં પ્રવેશ કરે છે. ગર્ભાશયને ડાબી જમણી બાજુએ નલીકા જોડાયલી હોય છે એવું આગળ કહેલું છે. તેની અંદર રહીને તે જંતુ અંડાશય તરફ જાય છે. તે ઠેકાણે આ જંતુને લીધે કરીને અંડ સસત્વ થયાથી તેજ નલીકાની અંદર રહીને એ સસત્વ અંડ ગર્ભાશયમાં આવે છે, એજ ખરો ગર્ભ સંભવ.

હવે ગર્ભ સંભવને બાધક પીડા કેવી કેવી આવે છે તેનો એજ રેતજંતુના ગમનક્રમ પ્રમાણે વિચાર કરીએ. એ જંતુના ક્ષારધર્મક દ્રવ્યમાં જીવીત્વ રહે છે. સ્ત્રી જનનેંદ્રિયોની આરોગ્ય સ્થિતીમાંનો સ્વાભાવિક હોનારો સ્રાવ એજ રસાયણીક ધર્મનો

હોય છે; તથાપી ઘુપણી આદ્દી વિકૃત સ્થિતીમાં તો તે અમ્લ ધર્મનો હોય છે, અને અમ્લ પદાર્થના યોગે કરીને એ જંતુનું જિવીત નાશ પામે છે. એટલે પછી એવી સ્ત્રીઓને ગર્ભ સંભવ હોવાની આશા થોડી, કારણ કે અહીં મુળમાં બીજનેજ ધોકો. પણ એવી કાંઈ વિકૃત અવસ્થા ન હોવાથી તે જંતુ જીવંત રહીને સ્વભાવતઃ [પોતાની મેળે] ગર્ભાશયમાં પ્રવેશ કરે છે. પરંતુ જો ગર્ભાશય સ્થાનભ્રષ્ટ થઇ ગયો હોય, તો તેનો તેમાં પ્રવેશ થવો કઠણ. કદાચિત તે પોતાના સ્થાનપર જો હોય તોપણ તેના મુખપર પડદો આવ્યાથી કે તે મુખ સ્વભાવતઃ [પોતાની મેળે] સંકોચિત હોવાના કારણથી અથવા દાહ વગેરે ઉપદ્રવ થઇને તે બંધ થવાથી આ જંતુનો ગર્ભાશયમાં પ્રવેશ થનાર નહી, એ ઉઘાડું છે. પણ જો ગર્ભાશય પોતાના સ્થાનપર હોઇને તેનુ મુખ, સ્વાભાવિક જેવું ઉઘાડું હોવું જોઇએ તેવું હોય, તોજ આ જંતુ અંદર પ્રવેશ કરશે (જશે). તોપણ ગર્ભાશયમાં સ્વાભાવિક ઉત્પંન હોનારો સ્રાવ પણ ક્ષાર ધર્મક હોય છે, તે જો કાંઇ વિકૃતી થવાથી આમ્લ ધર્મનો થયો, તો આ અહીં લગી આવેલો જંતુ નષ્ટ થઈ જશે; ઠીક. અહીં પણ કાંઇ વિકૃતી ન હોતાં તે આરોગ્ય છે, તોજ તે જંતુ અંડાશય તરફ જવાનો. પણ ત્યાં તેનો જવાનો માર્ગ પછવાડે કહેલી ફ્યાલોપીયન નામની નલીકા છે, તે નલીકાને પણ અનેક કારણથી દાહ થાય છે, તથા તે સુજે છે, તેથી કરીને તેમાંના માર્ગનું આકુંચન થઇને કે બીજા કાંઇ કારણથી તે બંધ થાય છે, તો પછી તેમાંથી તે રેતજંતુ જશે કેમ? પણ આ નલીકા નિરોગી હોય, એટલે તેની અંદર રહીને આ જંતુ અંડાશય તરફ જાય છે; પરંતુ અંડાશય પણ વિકૃત [રોગી] થવાને પાત્ર છે. તેનો પણ વારંવાર દાહ થાય છે અને તે સુજે છે તથા તે શિવાય બીજો પણ કેટલોક તેમાં વિકાર થાય છે. પણ જો તે અવિકૃતજ [નિરોગી] હોય, તો તે રેતજંતુના યોગે કરીને તેની અંદરના અંડ સસત્વ થઇને ગર્ભાશયમાં આવે છે. એવે પ્રકારે ગર્ભસંભ-

વની ક્રિયા ઘડાયા ઉપરાંત સર્વ પ્રકારે સુરક્ષીતપણે ચાલીને આરોગ્ય રહેવાથી ગર્ભાશયમાં નવ મહીના અને કેટલાક દિવસ તે ગર્ભ રહીને તેના શરીરનો હોવો જોઇએ તેવો પૂર્ણ આવિર્ભાવ (પુખ્ત વધારો) થયો એટલે યોગ્ય વેળાએ ગર્ભાશયની સ્વાભાવિક, એવી જે ગર્ભ બહિર્નીષ્કાસન [ગર્ભ બહાર આવવાની કુદરતી] શકિત, તેનું કાર્ય સુરૂ થાય છે, અને પોતાના માતાપિતાને ખરેખરૂ સુખ આપીને તેનું વદન (મુખ) સુહાસ્ય કરનાર એવો નિરોગી બાળક જન્મે છે.

હવે આ જે વંધ્યત્વ એટલે વાંઝપણુના સંબંધમાં આટલેવેર કહ્યું છે, તે ઉપરથી એટલી વાત સારી રીતે સ્પષ્ટ થાય છે કે, છોકરા ન થવાનું મુખ્ય કારણ કહિએ તો, જનન ઇંદ્રિઓનો વિકાર, એ છે. (૧) ધુપણીપછી તે સફેદ હો, કે લાલ હો, તેનો સ્રાવ યોનીની ફકત આજુબાજુમાંથી હો, અગર ગર્ભાશયમાંથી હો; (૨) ગર્ભાશય જેને લોક કમળ અથવા ફુલ કરીને કહે છે, તેનું મુખ બંધ થવું; (૩) ગર્ભાશય સ્થાન ભ્રષ્ટ થવો, એટલે તેનું સરવું કે વાંકુ પડવું થાયછે, પછી તે ડાબી બાજુએ પડો કે જમણી બાજુએ પડો, નીચે સરો અથવા પાછળ કે આગળ સરો; (૪) ગર્ભાશયનો દાહ કે સોજો; (૫) અંડાશય કે તેની નલીકાઓનો દાહ કે સોજો; (૬) માસિક અવસ્થા (દુરબેસવા) સંબંધી વિકાર, જેમકે રજઃ સ્રાવ (માસિક લોહીનું વહેવું) દર મહિને નિયમિત કાળે યોગ્ય પ્રમાણમાં અને વાસ્તવિક થવો જોઇએ તેમ ન થતાં તેમાં કમી જાસ્તી થવું, તે અનિયમિતપણે કે દુઃખદાયક થવું; (૭) ઉપદંશ (ગરમી) આદિ અનેક વિકારનું હોવું; (૮)રક્તાભાવજન્યકૃશતા (લોહી ન હોવાથી થતું દુબળાપણું) અને નિસ્તેજપણું; (૯) મેદ એટલે ચરબીના વધવાથી થનારૂં સ્થુળપણું; (૧૦) રક્તનું અધિકપણું, ઇત્યાદિ અનેક કારણો ઉપરથી વંધ્યત્વ એટલે વાંઝપણું પ્રાપ્ત થાય છે. તથાપિ એવાં પણ અનેક ઉદાહરણો જોવામાં આવે છે કે, આ ઉપર કહેલી વિકૃતિમાંની કેટલીક વિકૃતી હોવા છતાં પણ ગર્ભ રહે છે; પરંતુ એવી રોગટ સ્થિતિમાં સંભવેલા ગર્ભનું અકાળે પતન થવાની ભીતી મોટી રહે છે. અને કદાચિત એવો ગર્ભ પૂરા

માસ લગી નિભિ રહ્યોજ, તો છોકરૂં રોગી અને અશકત નિપજવાનો સંભવ ઘણોજ. તેવારે સુરક્ષિત, ભરોસાનો અને સુખકારક માર્ગ કહીએ તો વિકૃતિને [રોગોને] દૂર કરવી, એજ છે. આરોગ્યતાના નિયમને અનુસરીને ચાલવાથી અને યોગ્ય ઔષધ ઉપચાર કરવાથી એ એકંદર સર્વ વિકૃતિનો પ્રકાર નહિં જેવો થઇને આરોગ્યને પ્રાપ્ત થવું એ શકય છે. એ સઘળા વંધ્યત્વના સાધ્ય પ્રકાર છે. ત્યારે એવા યોગ્ય અને ખરા ઉપાય કરવાના છોડીને આ પુસ્તકના પ્રારંભે કહ્યા પ્રમાણે ભલભલતા ઉપાય યોજીને, વ્યર્થ કાળક્ષેપ કરીને એટલે વખત ગુમાવીને, અત્યંત ત્રાસ સોસીને, પૈસાપર પૈસા ગુમાવીને, હજારો સ્ત્રીઓ પોતાની સકુમાર દેહને ખરાબ ખાસ્તા કરી લે છે. અને એવા ખોટા ઇલાજોથી પોતે વિનાકારણ પિડા કરી લેછે; પરંતુ યોગ્ય માર્ગનું અવલંબન જો સ્ત્રિઓ કરશે તો તેમાંથી ઘણીઓને સંતતીની પ્રાપ્તિ થઇને છોકરાંને અભાવે શુનકાર ભાસનારૂં તેનું ઘર તે ગાજતું વાજતું અને આનંદદાયક થશે, અને છોકરાં થકી થનારૂં અવર્ણનીય એવું જે સુખ, તેનો અનુભવ થશે; તે સર્વ એક બાજુએ રાખીને પ્રકૃતિ બીગાડી લેવા થકી માત્ર વંધ્યત્વ એટલે વાંઝપણું પદરે ઘાલ્યા સરખું છે. સારાંશ; એવા એ અનેક પ્રકારે અત્યંત ઘાતક અજ્ઞાનને દૂર કરવા માટે આ વિષયના સંબંધમાં કેવળ ઉપર ઉપરનું પણ જ્ઞાન કરી આપવામાં આવે તો સારૂં, એવાજ હેતુથી મારી બેનોના કાનપર આવા ચાર બોલ મમતાના મુક્યા છે. તેનો તે યોગ્ય ઉપયોગ કરી લેશે એવી પૂર્ણ આશા છે.

પ્રથમ, વંધ્યત્વના બે પ્રકાર વર્ણવેલા હુતા. સ્ત્રીઓની અંદર ગર્ભાશય આદિ ગર્ભોત્પાદક ઇંદ્રિયોનો અભાવ હોવાને લીધે ઉત્પન્ન થનારૂં વંધ્યત્વ, એ એક; અને તે વંધ્યત્વનો ખરોજ પ્રકાર હોવાથી તે સર્વથૈવ અસાધ્ય છે. અને બીજો પ્રકાર એવો છે કે, અંતર્બાહ્ય જનન ઇંદ્રિયો સ્વાભાવિક જોઇએ તેવી યથાસ્થિત છતાં તેની અંદર વિકૃતિ થવાથી તેના વ્યાપારમાં પ્રત્યવાય આવીને જે વંધ્યત્વ પ્રાપ્ત થાય છે તે; અને આ વંધ્યત્વનો પ્રકાર યોગ્ય ઔષધોપચારે અને આરોગ્ય રક્ષણના નિયમના અવલંબનથી ઘણી સ્રીનો દૂર થવા જેવો છે. આ

બીજા પ્રકારનું વંધ્યત્વ ઉત્પન્ન કરનારી વિકૃતિ કહિએ તો તે અનેક પ્રકારની ક્ષુપણી, ગર્ભાશય સ્થાનભ્રષ્ટ થઇને તેનું નાના પ્રકારનું સ્થિતિ-અંતર થઇ જવું [તે ખસવું,] તેનો અથવા બીજી જનન ઇંદ્રિયોનો ક્ષોભ થઇ જવો, કે તેમનું સુજવું, માસિક રજોદર્શન (અટકાવ) સંબંધી અનિયમિતપણું, બહુ થોડો દુઃખદાયક સ્રાવ, ઇત્યાદિ વિકાર થઇ જાય છે. એ વિકૃતિઓ [રોગો] જ્યાંલગી અંગીભૂત થઇ રહેશે, ત્યાં લગી વંધ્યત્વ પ્રાપ્ત થઇ રહેવાનુંજ, એ સાધારણ નિયમજ છે. વળી તે વિકૃતિ એકાદિને આરંભથીજ હશે, તો તેણે કરીને તે સર્વદા વંધ્યા રહે છે. અથવા એકાદીને એકાદું બીજું છોકરૂં થયા પછી, કે એક બેવાર અધુરે ગયા પછી તે વિકૃતિ ઉત્પન્ન થઇને પછીથી છોકરાં થવા બંધ પડે છે; અર્થાત્ વંધ્યત્વ પ્રાપ્ત થાય છે. તેટલા માટે વંધ્યત્વ ઉત્પન્ન કરનારા આ વિકાર પેદા થવાના કારણો કયા છે, તે આપણને જણાવવામાં આવે અને પછી તેનો પ્રતિકાર થવો જોઇએ; એટલે કારણને અભાવે, વિકૃતિ રૂપ જે કાર્ય તે નષ્ટ થશે, એ ઉઘાડું છે; તેમજ વિકૃતિને અભાવે વંધ્યત્વ હોયજ નહીં, એ પણ ઉઘાડુંજ છે. તેટલા માટે હવે તે વિકૃતિ ઉત્પન્ન કરનારા કારણોનો વિચાર કરવાનો છે. એ જે કાંઇ કારણો છે, તે પૈકી મુખ્ય બે પ્રકારનાં છે. એક માસિક રજોદર્શનને [અટકાવ] સંબંધે ઉત્પન્ન થનારૂં અને બીજું પ્રસુતિ અને તેની આનુસંગિક [તેને લગતી] જે સુવાવડ તેને સંબંધે ઉત્પન્ન થનારૂં.

માસીક રજોદર્શનના સંબંધનાં કારણોથી ઉત્પન્ન થનારી વિકૃતિ [રોગો.]

માસિક રજોદર્શનના [અટકાવના] સંબંધમાં જેમ ચાલવું જોઇએ, તેમ ન ચાલ્યાથી અનેક વિકૃતિ [રોગ] પેદા થઇને તે વાંઝીઆપણનું કારણ થઇ પડેછે. તે માટે સંભાળીને ચાલવું જોઇએ છે. માસીક રજોદર્શન સમયે ઘણા કષ્ટના, એટલે ભારે બોજા ઉંચકવાના, દળવા ખાંડવાના, પાણી ભરવાના અને વસ્ત્ર ધોવાના આદિ લઇ જે કામમાં ઘણું જોર કે

ઘણો શ્રમ કરવો પડે છે, તેવાં કામ વર્જ કરવા [કરાવવાં નહીં] જોઇએ. તેમજ ટહાડના અને વરસાદના દિવસમાં રજસ્વળા (અટકાવ આવેલી) સ્ત્રીને સરદી થવાનો ઘણો સંભવ રેહેછે. માટે તેણીએ અનુકુળ હોય (મળી શકે) તો લાંબા ગરમ પગના મોજા વાપરવા; તેમજ અંગે પણ ગરમ બંડી પેહેરી રાખવી, એ સારૂં છે. સરદીમાં જવું અને કામ કરવું એ રજઃસ્રાવ બંધ પડે ત્યાં સુધી બંદ રાખવું. અંગપર વસ્ત્ર સ્વચ્છ રાખવા, મદિરાદિ માદક અને ઉષ્ણ પદાર્થનું વિનાકારણ સેવન કરવું નહી. પેહેરેલા વસ્ત્ર ગીચ અને ઘણા તંગ હોવા ન જોઇએ. બર્ફ આદિ થંડ પદાર્થ, કે આમલી, દહીં, છાસ, વગેરે આમ્લ અને શરદી પેદાકરનારા પદાર્થનું સેવન કરવું નહી. એ બાબતપર દુર્લક્ષ કરવાથી વેદનાયુક્ત રજઃસ્રાવ, આર્તવનો નાશ, ઈત્યાદિ, આર્તવ વ્યાપાર સંબંધે વંધ્યત્વ ઉત્પન્ન કરનારી અનેક વિકૃતિ ઉભી થાય છે. પરંતુ અમારી સામાજીક સ્થિતિતરફ જોયું તો, આ વર્જ કરવાના પ્રકાર પૈકી કેટલાક પ્રકાર કર્તવ્યના સમજીને આવી સ્થિતિમાં અનેક બીચારી અબળાઓને તે કરવા પડે છે. ઘણી બાઇઓને આવી સ્થિતિમાં થંડા પાણીએ કપડા ધોતી અને નહાતી મેં જોયલી છે.

કેટલીક બાઇઓમાં અને તેમાં વિશેષે કરીને શ્રીમંતોની સ્ત્રીઓમાં માસિક રજોદર્શનના સંબંધમાં અનિયમિતપણું દીઠામાં આવે છે. એટલે કદિ એક મહિનામાં બે વાર, કે બે ત્રણ મહિનામાં માત્ર એકવાર રજોદર્શન થાય છે. તેથી કરીને ગર્ભધારણ થવામાં અનેક વેળા વ્યત્યય (અડચણ) આવે છે. આ અનિયમિતપણાનું મુખ્ય કારણ વ્યાયામ (ફરવા હરવા) નો અભાવ છે. શ્રીમંતીની મોટાઇને લીધે, કે સામાજીક રીવાજને લીધે સ્ત્રીઓને ખુલ્લી ચોખી હવામાં વ્યાયામ કરવાનું મળી શકતું નથી, તેથી કરીને મેદાદિ (ચરબી વગેરેની) વિકૃતિ (રોગ) ઉત્પન્ન થાય છે. અને વળી તેજ પ્રમાણે, શ્રીમંતીને લીધે કોઇપણ કામકાજ કરવાની ગરજ ન પડવાથી આળસ અને ઐષઆરામમાં કાળક્રમણ થઇને તથા મિષ્ટાન્નનું મનસુરાદ સેવન થવાથી શરીર જડ થઇ જાય છે. અને રૂધિરાભિસરણ (લોહિનું શરીરમાં ફરવું) મંદગતીનું

થઇને શરીરમાંની જુદી જુદી ઇંદ્રિયોનો વ્યાપાર પણ મંદ થઇ જાયછે. અને તેની સાથે જનનઇંદ્રિયોના વ્યાપાર પણ મંદ થઇ જાય છે. એવી સ્થિતિમાં ગર્ભ ધારણ થવો અશક્ય થઇ પડે છે. ઘેર ચાકર, ગાડી ઘોડા વગેરે જોઇયે તેટલી સાહેબી હોવાથી જો ચાલવા ઉઠવાનું પ્રયોજન ન હોય તોપણ શરીર આરોગ્યમાટે વ્યાયામ કરવોજ જોઇએ. જોઇએ તેટલું ઐશ્વર્ય હોય તોપણ નિસર્ગ (કુદરત) ના નિયમ તોડવા બદલ શાસન થયા વગર કદાપિ રહેવાનું નહીં. તે માટે રાજા હો કે રંક હો, તથાપિ આરોગ્યતાના નિયમ સૌએ હમેશ પાળવાજ જોઇએ.

અનિયમિત રજોદર્શનને લીધે, બે ત્રણ મહિના જ્યારે તેને અટકાવ નથી આવતો, અને તે પછી આવે છે, એટલે અજ્ઞાન સ્ત્રીઓને એમ લાગે છે કે મારા પેટમાં ગર્ભની ગાંઠ થઇ છે. તે પાડયાવગર મને ગર્ભ રહી છોકરૂં થનાર નથી. તે માટે, તે આ કાલ્પનિક ગાંઠ પાડવાસારૂ વર્ષો વર્ષ ભલભલતા ઔષધાદિ ઉપાય કર્યા કરે છે. અને પ્રકૃતિને વધારેવધારે બગાડી નાંખે છે. શેંકડે નવાણું દાખલામાં ખરેખરજ તે ગાંઠ ન છતાં તે છે એવી સમજ કેવળ અનિયમિત રજોદર્શન થવાથી થયલી હોય છે, તેથી આ ખરા વિકારનો ઔષધોપચાર થવો જોઇએ. અગરજો કદાચ ગાંઠ છતાં તેનું યોગ્ય ઉપાયથી નિવારણ થતું નથી, તોપણ તેની વિશેષ ચિંતા કરવાની જરૂર નથી. એક ગાંઠ હોવા છતાં બીજું છોકરૂં ગર્ભમાં રહી શકે છે, અને તેની પ્રસુતી કાળે તે ગાંઠ પણ સાથે પડી જાય છે. માસિક રજોદર્શનના સંબંધમાં લખવાનું પુરૂં કર્યા અગાઉ આ જણાવવું જોઇએ કે, માસિકસ્રાવ (અટકાવ) પૂર્ણ થઇ, તે બંધ થયા પછીના પેહેલા અઠવાડીઆમાં ગર્ભધારણ થવાનો વિશેષ સંભવ છે. તેનું કારણ એ છે કે, સ્ત્રીના અંડાશયમાંનાં ઇંડાં પોતાના આશયમાંથી નીકળીને બહાર પડી જવાને તેને એક સપ્તક લાગે છે. ત્યારે હવે માસિક રજોદર્શનને છેલ્લે દિવસે તે નિકળ્યું એવું જો ધારીએ, તોપણ એક સપ્તક પર્યંત તે રસ્તામાં હોય છે. એવે વખતે તેની પુરૂષ રેતજંતુસાથે ગાંઠ પડવાથી તે સસત્વ થવાનો મોટો સંભવ છે. તથાપિ એ ઉપરથી આ

પેહેલા સપ્તક પછી ગર્ભ સંભવ રેહેતો નથી એવું કોઇએ સમજવું નહીં. રતિસુખમૂલક ચેતનાએ કરીને પણ સ્ત્રીઓના અંડાશયમાંનાં તે ઇંડાં પોતાના આશયમાંથી કોઇપિણ વખતે બહાર આવી શકે છે. તે માટે કોઇપિણ વેળાએ ગર્ભ સંભવ થવો શક્ય છે. તોપણ ગર્ભ સંભવનો વધારે અનુકુળ વખત કયો, એ આ ઉપરથી જણાઈ આવે છે.

પ્રસુતીને સંબંધે ઉત્પન્ન થનારી વિકૃતિ.

પ્રસુતિના સંબંધે આપણા લોકોમાં ઘણી અજ્ઞાનપણની અને પીડાકારક સમજો છે. પ્રસુત થનારી (જણનારી)બાઇનો જલદિ છુટકો થાય, તેટલા માટે તેને પાટલા, ઉટણી જેવું સુથીઉં, કે સુંડલીપર બેસાડીને વગરકારણે જબરીથી કુંથાવવાને લગાડે છે, કે સુંડલી મુકીને તે ઓળંગવાને કહે છે. જનન ઇંદ્રિયને વગરકારણે હાથથી ખેંચતાણ કરે છે. ભલભલતી દવાઓ પણ તેની અંદર મુકે છે. અને ઓરનેપણ ખેંચી કાઢે છે. એવાએવા અપ્રયોગી પ્રકાર કરીને એકાદિ સુરક્ષિત અને સેહેજ થનારી એવી જે સ્વાભાવિક અને સાદિ પ્રસુતિ, તે વિકોપને પામવાનો સંભવ તો છેજ, પણ વાંઝિઆપણું પેદા કરનારી ઘણી એક વિકૃતિ (પિડાઓ) આ ખેંચતાણના પ્રયોગથી ઉત્પન્ન થવા સરખી છે, તેમાં કાંઇપણ શક નથી. ઉપરાંત ઓર ખેંચી કાઢવાનો પ્રકાર તો કેવળ તાત્કાળ ઘાતક થવા જેવો સંભવીત છે. ઓર જબરીથી ખેંચી કાઢવાનો પ્રયત્ન કરવાથી ગર્ભાશય અવળો ફરી જવાની બીક રહેછે. અને તે જો અવળો ફરી જાય તો પ્રસુત થયલી સ્ત્રી તરતજ મરી જાય છે. અને એવું થયું તો ઓર કાળજે બાઝી ગઇ એવું કહે છે. અમારા વાંચનારાઓમાંથી સર્વ જનોએ નહીં તો ઘણા ખરાએ પણ ઓર કાળજે ચોંટવાથી મૃત્યુ થયું એવા ઉદાહરણો સાંભળ્યાં હશે. પરંતુ એ કારણ કેવળ ખોટું અને કાલ્પનિક છે. કાળજું અને ઓર આ બન્નેનો એક બિજાસાથે કાંઇ એક પણ સંબંધ નથી. પાટલા વગેરેપર બેસાડીને પ્રસુત કરાવવાની [જણાવવાની] ચાલ અહિતકારક છે. પ્રસુત થનારીને તો સુવાડીને પ્રસુત કરાવવી જોઇએ. અને તેજ પ્રમાણે સ્ત્રી પ્રસુત થયા પછી તેને તરત ઉભી કરવી, લોહી સાફ નીકલી

જાય એવા હેતુથી તેણીના પેટપર જોરથી માથું દાબવું, અને પ્રસુતિ પછી પણ પ્રત્યેક દિવસે તેને જોરજુલમથી આડી તેડી મસળવી રગડવી, અને અનેક કારણથી તેને ઉઠવા દેવી, એ બધું ઘણું નુકસાનકારક છે. સુવાવડીની નીઘાવારી સંબંધે પણ આ વાત સારી ધ્યાનમાં રાખવી જોઇએ કે, તેને દશ, બાર દિવસ સુધી કાંઇ પણ કારણ માટે ઉઠવા દેવી નહીં. શૌચાદિ વિધિ (ઝાડો પાણી) પણ સુતેલી જગોએજ કરાવવાની તજવીજ રાખવી. અને તે થોડા અનુભવથી અને કાંઇ વ્યવસ્થાથી સહજ કરાવતાં આવડે છે.

ગર્ભ સંભવ થયા પહેલાં ગર્ભાશય મધ્યમ જામ ફળ જેવડું હોય છે. અને તે નાભીને મધ્ય ભાગે હોય છે. અને તેનું વજન બે ત્રણ તોલા જેટલું હોય છે. પરંતુ ગર્ભ રહ્યા પછી તે તો દર માસે વધતો જઇને નવ માસમાં દોઢ રતલથી તે ત્રણ રતલ સુધી તેનું વજન થાય છે. એટલે તે આસરે ચાળીસ ગણો વધે છે. તેની અંદર પૂર્ણ વધારાનું બાલક અને તેની નાલ, ઓર વિગેરે સમાયી રહે એટલે આકારે મોટું થાય છે. અને તેને ફરતી મળાશય, કાળજું, ફેફસું, જઠર, આંતરડાં વગેરે ઇંદ્રિયોને દાબીને તે ઘણાખરા સઘળા ઉદરમાં ફેલાઇ વળે છે. તોપણ પ્રસુતિ પછી તેનું સ્વાભાવિક હળવે હળવે આકુંચન (સંકોચાવવું) થઇને તે પાછું પહેલી સ્થિતિપર આવી રહે છે. તે ઉપરથી એ ખુલ્લું થાય છે કે, આવી હાલતમાં સ્ત્રીને યોગ્ય પ્રકારે પાટો બાંધીને બીછાનાપર સ્વસ્થ પડી રહેવા દેવી જોઇએ. તેને ઉભી કરવી, તેને ચલાવવી, વિગેરે પ્રકાર ભયંકર અને ઘાતક થઈ પડે છે. પ્રસુત સ્ત્રીની જનન ઇંદ્રિય શિથિલ અને કટીના હાડકાના સાંધા ઢીલા થયલા હોય છે. તેટલા માટે તેને હલાવ્યાથી કટીરો વિરૂપ થવાનો અને અંદરની ઇંદ્રિઓનો ક્ષોભ થઇને રકતસ્રાવ [લોહીનુવેહેવૂં] બેહદ થવાનો સંભવ રહે છે. તેમજ ઔષધોપચારથી પણ અનેક વેળા ન અટકનારી એવી અનેક પ્રકારની ખુપણી લાગવાનો, અંગ બહાર નીકળવાનો, ગર્ભાશય અનેક રીતે સ્થાનભ્રષ્ઠ થવાનો [ખસીજવાનો] અને બીજા પણ અપાયો થવાનો પ્રતિક્ષણે [પળેપળે] સંભવ હોય છે. કોઇ કોઇ વાર

ગર્ભાશય કાંઇક આગળ ખસે છે, કોઇ વાર વધારે આગળ નીકળી આવી બાહ્ય જનન ઇંદ્રિયની બહાર આવે છે. આ છેલ્લા પ્રકારને કમળ બહાર આવ્યું એમ કહે છે. એવા અનેક પ્રકારના વિકાર પ્રસુતિ અને સુવાવડ આ બન્નેને લીધે પેદા થાય છે. અને તે થયો એટલે સ્ત્રીને સુવા રોગ લાગ્યો એમ કહે છે. એવા રોગથી તે બીચારી દુઃખમાં દહાડા કાઢીને, દહાડે દહાડે ક્ષીણ થતી જઇ અકાળે મરણ પામે છે. પણ “સુવા રોગ” એવો કોઇ જુદોજ રોગ મૂળમાં ન હોવા છતાં પ્રસુતિ અને સુવાવડમાં યોગ્ય વ્યવસ્થાનું અજ્ઞાનપણું હોવાથી પેદા થનારા અનેક રોગ સમુદાયને એ નામ આપેલું છે. મતલબ, આ બાબદમાં આપણું જે ઘાતક અજ્ઞાન તે છુપાવવા સારૂ તેને સુવા રોગ એ નામ પાડેલું છે. જે લોકોમાં એ વિષયના સંબંધમાં શાસ્ત્રોકત વ્યવસ્થા હોય છે, તે લોકોની સ્ત્રીઓને કેટલાંક છોકરાં થયાં છતાં પણ તે કેવી સદૃઢ રહે છે. અને જેની અંદર અજ્ઞાનપણાનો રીવાજ છે, તેની સ્ત્રીઓને એકાદું બીજું છોકરૂં થયું કે, તે કેવી ઉતરતી અવસ્થામાં દેખાતી જઇને તેની કેડ ક્ષીણ થઇ લુલી જેવી થાય છે, તે આપણે હુમેશ જોઇએ છીએ.

પ્રસુતિ પછી ગર્ભાશયનું આકુંચન થઇને પાછો પોતાની પેહેલી સ્થિતિપર આવવાને તેને બે મહિના લાગે છે; ત્યાં લગી તેણીએ પોતાના સ્વામી (ધણી) થી દૂર રહેવું જોઇએ. જો ત્રણ ચાર મહિના દૂર રહેવાય તો તે વધારે લાભદાયક છે. ઉપર કહ્યા પ્રમાણે પ્રસુતિ પછી દશ બાર દિવસ સુધી તો તેને ઉઠવા પણ દેવી નહીં. અને તે પછી જ્યારે ઉઠીને હુરવા ફરવા માંડે, ત્યારે પણ દળવું, ખાંડવું, લુગડાં ધોવાં, પાણી ભરવું, વગેરે મેહેનતનાં કામો તો બે માસ-સુધી જેટલાં ઓછાં થાય તેટલાં સારાં; પણ હલકું કામ તો કરતાં રહેવું.

સ્વાભાવિક પ્રસુતિના સંબંધમાં મોટી વાત ધ્યાનમાં રાખવાની એટ-લીજ છે કે, કારણવગર પોતે ત્રાસ ન લેતાં અને બિચારી પ્રસૂત થનારીને પણ ત્રાસ ન આપતાં અને કૃત્રિમ ઉપાય નહી કરતાં સ્વાભાવિક પ્રસુતિ થાય, તેમ થવા દેવી. ફક્ત બીજા માણુસની મદતની જરૂર લાગે ત્યારે તે તરત

આપવી. આ એકજ બાબત તરફ ધ્યાન અપાય તો ઘણા અનર્થકારક પરિણામ નીપજતાં ટળશે. પ્રસુત થનારી સ્ત્રીને મદત ક્યારે અને કેવી રીતે આપવી અને પ્રસુતિની એકંદર વ્યવસ્થા કેવી રીતે કરવી, વગેરે બાબત વિષે "સુયાણી" નામનું એક નાનું સરખું પુસ્તક લખી મેં પ્રસિદ્ધ કરેલું છે. તેની અંદર સવિસ્તર હકીકત કહેલી છે. માટે આ જગોએ તે વિષે લખવાની જરૂર નથી. તેમજ આ પુસ્તકનો તે કાંઇ વિષય નથી. કહેવાની મતલબ એટલીજ છે કે, આરોગ્યતાના નિયમનું પાલન થઇને પ્રસુતિ અને સુવાવડ સંબંધીની યથાયોગ્ય શાસ્ત્ર રીતીએ વ્યવસ્થા રાખવાનો રિવાજ પડવાથી જુવાન સ્ત્રીના અકાલીક મરણની સંખ્યા ઓછી થઇને એકેક પુરૂષને બબે ચારચાર વાર ફરી ફરી પરણવાનો અત્યંત દુઃખદાયક, શરમિંદો અને ત્રાસદાયક પ્રસંગ (વખત) ન આવતાં એકજ આરોગ્ય સંપન્ન સ્ત્રી સાથે ખરી પ્રીતીથી આયુષ્ય ક્રમણ થઇને ઘરમાં સશકત સંતતિનો સુકાળ પ્રાપ્ત થાય.

વંધ્યત્વ ઉત્પન્ન કરનારા રોગ, માસિક અવસ્થા (અટકાવ), પ્રસુતિ અને તેનેજ લગતી જે સુવાવડ એના સંબંધના જે કાંઈ કારણો કહ્યાં, તે હમેશ ઘણાંજ જોવામાં આવે છે. અને તે ઘણાંજ છે. તે માટે તે ઘણાં મહત્વનાં ગણેલાં છે. તોપણ તે બાદ જતાં બીજી અનેક બાબતો ઉપરથી પણ વાંઝીઆપણું પેદાકરનારી અનેક વિકૃતિ ઉત્પન્ન થાય છે. ઉપદંશ વિગેરે વિકારો (ગર્મિના આજાર)ને લીધે રક્ત દોષ ઉત્પન્ન થઇને અનેક પ્રસંગે ગર્ભ સંભવ અશકય થઈ જાય છે. અતિ મૈથુને કે વિપરિત મૈથુને કરીને ધુપણી, ગર્ભાશય સ્થાન ભ્રંશ, [ફૂલખસવું] અંતર્જનન ઇંદ્રિયનો ક્ષોભ, સ્ત્રિઓનાં ઇંડાંની અને પુરૂષ રેત જંતુની નિઃસત્વતા વિગેરે વિકારો પેદા થઇને ગર્ભ સંભવમાં વ્યત્યય [હરકતો] આવે છે. વેશ્યા [કસબિણો] અને વેશ્યાગામી [રંડીબાજ] જનોને ઘણું કરી સંતતી થતીજ નથી. અને કદાચ થઈ તો તે જીવતી કે ટકતી નથી, અર્થાત્ મરે છે. અને તેના મુખ્ય કારણો આ અને ઉપદંશાદિ વિકારો છે. તેટલા માટે બીજી બધી બાબતો જેવું આ પ્રકરણને વિષે પણ યોગ્ય અને

મિત આચરણ હોવું જોઇએ. સારાંશ, સર્વ ઇંદ્રિયોનું આરોગ્ય રહે, એવું આચરણ નિત્ય રાખવું અતિ આવશ્યક [ઘણું જરૂરનું] છે. અને એમ થાય ત્યારેજ સર્વે સ્ત્રીઓને છોકરાં થઇને તેનું યોગ્ય પ્રકારે સંગોપન [પાલન પોષણ] કરવાથી, તે નિરોગી, નિતિમાન, અને દેશ કલ્યાણકારી નીવડશે.

વંધ્યત્વ પ્રાપ્ત ન થતાં છોકરાં થાય, એ સંબંધમાં મેં અહીંસુધી લખ્યું છે. તો પણ સઘળાંજ સ્ત્રી પુરૂષો હમેશ સારા નિરોગી હોય છે, એમ નથી. કેટલાંકના શરીરમાં વંશપરંપરાનો રોગ ઉતરી આવે છે. તે માટે તેઓએ છોકરાની ઇચ્છા રાખવીજ નહીં અને તેને તે નજ થવાં જોઇએ, એજ સારૂં. રક્તપિત, ક્ષય, કંઠમાળ, ફેફરૂં, ઘેલાઇ, ઉપદંશ, (ગર્મિ) જન્માંધપણું, જન્મ બેહેરાપણું, મુંગાપણું, પાંગલા, લુલાપણું વિગેરે રોગગ્રસ્ત અને વ્યંગી; (દોષીત) માણુસોને પ્રજા ન થાય, તેમાંજ તેનું ભુષણ છે; અને તેમાંજ તેમનું મનુષ્યપણું અને વળી તેમાંજ દેશનું અને મનુષ્ય માત્રનું હિત રહેલું છે. પોતે જાતે દુઃખમાં કાંઈ કાળ કાઢીને મરવું છે, એ તો નિશ્ચિત છે. પરંતુ પોતાની ક્લેશકારક પ્રતિમા જગતમાં મુકીને તેને પણ દુઃખમાં નાખવાના કારણભુત થવું એ ઘણું ખરાબ, પાપનું કામ છે. અનેક માબાપો એવા છોકરાંને જન્મ આપે છે, એટલુંજ નહીં, પણ તેના બે હાથના ચાર હાથ કોઈ પણ પ્રકારે થાય, તેટલા માટે ખોટાં છલ કપટો કરીને તેને બીજાના ગળામાં નાખે છે. અને તે બીજાને જન્મસુધી દુઃખમાં ફસાવે છે. એ શું નાનું સુનું દુષ્ટપણાનું કૃત્ય છે? આવા રોગી અને વ્યંગ માણુસને પરણાવવાના સંબંધમાં પ્રાચીન કાળથીજ જો લોક ધ્યાન આપતે, તો આજ દુનિઆમાં ઘણી ખરી નિરોગી અને નિર્વ્યંગ પ્રજા જોવામાં આવતી હોત. છોકરાં પ્રાપ્ત થવાના સંબંધમાં જોતાં સ્ત્રીની અવસ્થા મોટી સંકટની છે. તે બીજી બાબતમાં અગર જો નિરોગી હશે તો પણ તેનું કટીર વૈરૂપ્ય [કેડ વાંકી] હોય અથવા ઘણીજ નહાની હોય તો તેણીએ સગર્ભવતી થવાની આશા ન કરવીજ સારી; કારણ કે એવી સ્થિતિમાં સ્ત્રીનું પેટ ચીરીને કે છોકરાનું મસ્તક ભેદીને [માંથું-

ભાંગીને] તેનો છુટકો કરવો પડે છે. ત્યારે એવા પ્રકારથી પ્રજાપ્રાપ્તિની આશા કરવી એ ડહાપણ ભરેલું નથી. હર એક માણસે પરણવું જ જોઇએ, તેને છોકરાં થવાજ જોઇએ, એવા પ્રકારની ઘણાંજ લોકની સમજ હોવાથી અને વળી પોતાની પ્રત્યક્ષ મુકિત તો પુત્રસંતાનપરજ અવલંબીને રહી છે, એવા પ્રકારની ભોલી સમજ હોવાથી ઘણીજ હાની થાય છે. કેટલીક ભોળી બાઇઓ તો એવું સમજે છે કે, છોકરૂં ન થયું તો દેવ આપણને ઘાણીએ જોડશે. (પછી કાં તો તેલની ઘાણીએ, કે ચુનો તૈયાર કરવાની ઘાણીએ તે પરમેશ્વર જાણે.) હશે. તો પણ આ અગર બીજી કોઇ પણ બાબતને સંબંધે અમારી દેશબંધુ ભગીનીની કેવી ગમે તેવી પણ ધર્મભોળી અજ્ઞાનપણની સમજ હોય, તો પણ તેને જરા પણ ધિઃકાર ન કરતાં અને કઠોર શબ્દે તેનો નિષેધ ન કરતાં, બહુ મમતાથી અને દયાળુ અંતઃકરણથી તેને તે સંબંધી સમજુ લોકોએ સપ્રમાણ સમજુત પાડી સુધારવાને તત્પર થઇ તેની પુંઠે લાગવું, એ તેમનું કર્ત્તવ્ય છે; એટલે તેમ કરવાથી ઘણી બાબતો અનેક પ્રકારે અપકારક હોવા છતાં જે આજ તેમને હિતકારક દેખાય છે અને જે ખરેખર હિતકારક છે, તે તેમને અહિતકારક ભાસતી હોય, તેનું તેમને કાળે કરીને ખરૂં સ્વરૂપ સમજાઇને, ખરૂં તે ખરૂં, તેજ હિતકારક, તેજ કલ્યાણકારક, એવું તેમને સમજાયા વિના રહેશે નહીં.

અહીં વર્ત્તમાનપત્રમાંનો **"વંધ્યત્વ"** લેખ પૂર્ણ થયો. હવે આ પુસ્તક પુરૂં કરવા પેહેલાં મારે નમ્રતાઇથી એટલું કેહવું જોઇયે કે, કોઈપણ વાતની સુધારણા કરવી હોય પછી તે સામાજીક, ધાર્મિક, નૈતિક અગર કોઇપણ બાબતની હોય-તોપણ તે કામ બહુ કઠણ છે. અને તેમાં કોઇપણ બાબત ઘણાજ દિવસથી રૂઢ થઇ રહેલી હોય ત્યારે તો તે જાણે આંગીભૂત થઇને સ્વાભાવિક જેવા થઇ જાયછે. તેમાં ખરેખર અહિત હોય તોપણ તેમને તેવું લાગતું નથી. તે વિષે તેમને કોઇ સારીવાત કેહવા જાય તોપણ તેમને ઉલટો ગુસ્સો આવે છે. આ વાત આપણા દેશના લોકોનેજ લાગુ છે એમ નથી.

સર્વ દેશના સંબંધમાં ઓછા અદકા પ્રમાણથી આ વાત લાગુછે. જ્ઞાનના અને સુધારણાના શિખરઉપર જઈ પોહોંચેલા કોઈપણ દેશ આ નિયમને અપવાદક નથી. પણ એક વાત મેં ખાત્રીપૂર્વક જોયલી છે તે એ કે, ગમેતે લોકોમાં ગમેતેવી ચાલ રીત હોય તોપણ તે તેમને અને તેમના વંશના આરોગ્યને, અલ્પાયુત્વને અને તેમના અનેક દુઃખોને તે કારણભૂત છે એવું જો તેમને પ્રેમ ભર્યું સપ્રમાણ દેખાડયું હોય તો, તેમના તરફથી તરતજ તે પ્રમાણે આચરણ અગર જો સુરૂ નહીં થાય, તો પણ તેમની વૃત્તિમાં અને વિચારમાં લાગલોજ ફેરફાર થવા માંડે છે અને એજ ફેરફાર તેમની આગળની સુધારણાને કારણભૂત થાય છે. એવો મારો અનેક જ્ઞાતી અને ધર્મના લોકો સંબંધી ઘણા વર્ષનો અનુભવ છે. આ અનુભવને આધારે મેં આ લેખ લખ્યો છે. મારી પ્રીય દેશી બેહેનો આ બાબતમાં અજ્ઞાનપણાને લીધે જે અનેક દુઃખો ભોગવે છે તે હું આજ બાવીશ વર્ષ થયા જોતી આવી છું, તે તેમને દુઃસહ છે, એટલુંજ નહીં પણ, તે બીજા જોનારાઓને પણ દુઃસહ લાગે છે. માટે તેમનું અંતઃકરણથી કલ્યાણચાહી હું તેમને આ હેત ભર્યા ચાર શબ્દો કહું છું, તેનો અનાદર થશે નહીં એવી મને પુર્ણ આશા છે. તે તેઓ પુરી કરો.

સ્ત્રિઓ માટે ઘણી અગત્યની સૂચના.

રેબેકાબાઈનાં ઓરતોમાટે બે દવાખાનાં.

એકસરખો કાયમ ૨૨ વરસનો અનુભવ.

પહેલું દવાખાનું—પાયધોણી, ટાંકીસામેજ ઘરમાં, નાકાપરજ, બીજે માળે.
વખત.—હમેશ સવારના ૭ થી ૧૧ સુધી.

બીજું દવાખાનું—રેબેકાબાઈના પોતાના રેહેવાના ઘરમાં. **ખેતવાડીમેન રોડ,** ઘરનંબર ૧, ચુનાભઠ્ઠીનો રસ્તો (ગીરગામ બેકરોડ ઉપરના સર મંગળદાસ નથુભાઇના બંગલાની પછાડીના રસ્તાઉપર નાકાપરનુંજ ઘર) ગ્રાંટરોડ પાસેની ડેવીડ સાસુન રીફૉરમેટરીની સામે, નાકાઉપરજ.)
વખત.—પાયધોણીપરનો વખત બાદ જતાં બીજો સઘળો વખત.

☞ **લોકોમાં જાહેર છે તે પ્રમાણે આ બન્ને દવાખાનાંમાં રેબેકાબાઇ** પોતે જાતે સ્ત્રિઓના અનેક પ્રકારના રોગોની બારીકીથી તપાસ કરી તે રોગોપર ખાત્રીલાયક ઓસડ ઉપચાર કરે છે, અને યોગ્ય સલાહમસલત દે છે. તેમજ પ્રસુતી વગેરે ઓરતોની બાબતમાં બધાં કામો ખાત્રીલાયક કરે છે. ☜

સૌ૦ રેબેકાબાઈ ગ્રાંટમેડિકલ કૉલેજમાંથી પાસ થઇ ત્યારથી, એકસરખીરીતે **બાવીસ વરસ** સુધી મુંબઈમાં, બહાર ગામમાં, તથા રજવાડાઓમાં, અનેક જાતના લોકોમાં, પોતાનો ધંધો ફતેહમંદીથી ચલાવી તેમાં તેણીએ ઉત્તમ પ્રકારની કુશળતા અને અનુભવ મેળવ્યાં છે. અને તેમનાં દવા ઇલાજોથી હજારો રોગીબાઇઓ સારી થઇ છે.

સૌ૦ રેબેકાબાઈની, જણાવવાના કામમાં અને ઓરતોના રોગો-ઉપર, દવા ઈલાજ કરવાનાં કામોમાં કુશળતા, વાકેબગારી, અને અનુભવ માટે ઘણાક ડાકટરો, વૈદ્ય, હકીમ, બિજા ગૃહસ્થો, રાજારજવાડાઓ, અને વર્ત્તમાનપત્રના અધિપતીઓ, એમના તરફથી **રેબેકાબાઈને** ઘણા સારા દાખલાઓ અને અભિપ્રાયો મળ્યા છે. તેમાંથી કેટલાક ડાકટરોના અને વર્ત્તમાનપત્રોના અધિપતીઓના દાખલાઓમાંથી કાંઇકનો ઉતારો અહીંઆં આપ્યા છે, આશિવાય કેટલાંક સર્ટિફિકેટના પુસ્તકો ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી ભાષામાં છાપ્યાંછે. તે રેબેકાબાઇના બન્ને દવાખાનાંમાં મફત મળશે.

ઓરતોના રોગ મટાડવાના આ બન્ને દવાખાનાંસિવાય, ઓરતોની તનદુરસ્તી અને બાલકોની માવજત વીગેરે વિષયનું જ્ઞાન આપણા લોકોને આપવા સારૂ, **રેબેકાબાઈએ** એક લેકચર હૉલ(**વ્યાખ્યાન-ગૃહ**)પોતાના ઘરની પાસેજ હજારો રૂપિયા ખરચીને બાંધ્યો છે. અને તેમાં શારીર અને આરોગ્યરક્ષણ (તનદુરસ્તી) સંબંધે હજારો રૂપિયાના પદાર્થોનો સંગ્રહ કરેલો છે. ત્યાં હમેશા શારીર, ઇંદ્રિયવિજ્ઞાન, આરોગ્ય, વિગેરે અનેક બાબદપર વ્યાખ્યાનો થઈને, તે પ્રસિદ્ધ કરવામાં આવેછે.

☞ **રેબેકાબાઈના** કુશલતાનો અને અનુભવનો લાભ સ્ત્રીઓએ જરૂર કરી લેવો. ☜

EXTRACTS FROM ONLY SOME OF THE TESTIMONIALS FROM MEDICAL MEN.

I have, on several occasions, had to do obstetric work with Mrs. Rebekah Simeon, Midwife, G. M. College, when she was of great assistance to me. I have found her painstaking, intelligent, and respectable.—Dr. GOPAL SHIVRAM, *L.M., Late Asst. Surg. J.J. Hosptl. Teacher of Surgery and Medical Jurisprudence, V. Class, G.M.C.*

Mrs. Rebekah Simeon is a well experienced Passed Midwife of the Grant Medical College. Her efficiency and respectability give me pleasure to recommend her to families requiring her assistance.—Dr. J. A. DaGAMA, M. D. Ph.

Mrs Rebekah Simeon is a Passed Midwife, G. M. C. and has been following her occupation in Bombay. I have had many opportunities of observing her efficiency in the care of her patients. Her experience is now pretty considerable.—Dr. THOMAS BLANEY.

Mrs. Rebekah Simeon, Passed Midwife, G. M. College is a respectable lady, well up in her profession and treats her patients with great care & kindness.-Dr. DINSHA BAMANJI MASTER, L. M. & S.

Mrs. Rebekah Simeon has, on several occasions, performed examinations for me, in Gynæcological practice, and has given entire satisfaction.—Dr. C. H. F. UNDERWOOD, L.R.C.P.E., L.R.C.S.E.

Mrs. Rebekah Simeon is so very attentive, sympathising with the patients, and painstaking, that I wished I had more frequent occasions to trust my labour cases, as well as cases of some diseases peculiar to women, to her sole management.—Dr. A. M. d'SOUZA, L.M.

Mrs. Rebekah Simeon is an intelligent, well-educated, and highly respectable midwife. I have frequently to call in her aid to examine for me, female patients suffering from disorders peculiar to their sex and have always found her careful, patient, and painstaking in her examinations of them.—Dr. SADASHIVA W. KANE, L. M. & S.

I have now and then recommended some gynæcological and midwifery cases of mine to the care and treatment of Mrs. Rebekah Simeon and I have had every satisfaction to find her well possessed of the knowledge of these cases.—Dr. EDULJI CAWASJI, L.M. & S.

I have known Mrs. Rebekah Simeon for several years, and have been frequently with her, in cases of female diseases, when her assistance has been of very great service and I have had the satisfaction of obtaining successful results, in most of the cases.—Dr. J. ANDERSON, *Surgeon Major, Late House Surgeon, J.J. Hospital.*

Mrs. Rebekah Simeon is a respectable and well-experienced Midwife. I have often had occasions to test her knowledge in midwifery and diseases of women and she has given me entire satisfaction.—Dr. VITHALDAS M. DESAI, L.M. & S.

Mrs. Rebekah Simeon has assisted me, on several occasions, in finding out the real nature of disorders with good care and diligence, in gynæcological cases, and my success in the treatment of such cases, I am glad to say, is mainly due to her accuracy in examination.—Dr. BHAVANISHANKER B. DADERKER, L.M. & S.

I, on many occasions, have asked Mrs. Rebekahbai to examine my female patients suffering from diseases peculiar to them and I have found that she diagnoses correctly. I had also occasions to entrust labour cases to her and she has managed them satisfactorily. —Dr. MAGANLAL UMIYASHANKAR BHATT, L.M. & S.

Mrs. Rebekahbai has been practising in Bombay for the last 20 years and has been a most successful and respectable midwife. I have had occasions to see her work several times and have always had reason to be thoroughly satisfied with her work.—Dr. BHALCHANDRA KRISHNA, L.M.

Mrs. Rebekah Simeon has great experience and commands a large private practice in Bombay. She is very painstaking and attentive to her patients.—Dr. C. EASDON, *Surg. Lieut. & House Surgeon, Goculdas Tejpal Hospital.*

Mrs. Rebekah Simeon is a respectable and well experienced midwife. I have had many opportunities of observing her efficiency in labour cases and diseases of women. She diagnoses correctly and treats her patients successfully.—Dr. S. S. MISIR, L.M. & S.

વર્ત્તમાન પત્રોના અધિપતિઓના અભિપ્રાયોમાંથી કંઇકનો ઉતારો.

સ્ત્રીઓના અનેક રોગોની ખરી પરીક્ષા કરીને તે રોગોના ખાત્રીપૂર્વક ઇલાજો કરી, **રેબેકાબાઇએ** લાંબો વખત થયાં સારી નામના મેળવી છે. પ્રસુતિ વગેરેનાં કામોમાં જરૂર પડતાં **રેબેકાબાઇની** મદદ અને સલાહ બહુ અમુલ્ય થઈ પડે છે. ઘણાક જોખમ ભરેલા કેસોમાં તેણીએ ફતેહ મેળવી છે.—**ગુજરાતી,** ૨૦-૬-૯૭

મીસીસ રેબેકા સીમીયનને થોડાંજ દેશી કુટંબો નહી પીછાણતાં હશે. એક દાકતરીકે તેણી જેમ અત્રે, તેમજ જીલ્લાઓ અને રજવાડામાં સારી પેઠે જાણીતી થયલી છે. દાઇ તરીકે તેણી અત્રેની ગ્રાંટ મેડીકલ કાલેજના દાઇપણાને લગતા વર્ગમાં પસાર થયલી છે. અને આજ કેટલાંક વરસ થયાં એ ધંધામાં પડેલી હોવાથી તેણીએ તેનો સારો અનુભવ મેળવેલો છે.—**મુંબઈ સમાચાર,** ૨૩-૧૦-૮૨.

સૌ૦ રેબેકાબાઇએ પ્રજામાં તથા રાજારજવાડામાં સારૂં માન સંપાદન કરેલું છે. હિંદુ કોમમાં પણ તેમણે સારી છાપ બેસાડી સ્ત્રીઓનાં ગુહ્ય દરદોને અચ્છી રીતે સારાં કરીને સારો યશ સંપાદન કર્યો છે.—**સત્યવકતા.** ૧૫-૧૧-૮૯.

સૌ૦ રેબેકાબાઈ, હરેક સ્ત્રીરોગની પરીક્ષા કરવામાં, તેના રોગપર દવા ઇલાજ કરવામાં, અને પ્રસુતિઆદિ સ્ત્રીઓનાં સર્વે કામમાં, બાવીસ વરસ કામ કરીને ઘણોજ સારો અનુભવ મેળવ્યો છે. અને તે બાબે સર્વ લોકોમાં તેણીની સારી પ્રસિદ્ધિ થયલી છે.—**ભીમસેન,** તા૦ ૨૫ મી, ડીસેમ્બર ૧૮૯૭.

રેબેકાબાઇની સરટીફીકેટોમાં અત્રેના ઘણાક તબીબોએ તેણીની હુશીઆરી માટે સારી તારીફ કીધી છે, અને અમનેબી ભલામણ કરવાની આંચકી લાગતી નથી કે જરૂરની વખતે પારસીઓએ વગેરેએ તેમની સેવા ઉપયોગમાં લેવાને પછાત પડવું નહી.—**કયસરે હિન્દ,** તા૦ ૨૦મી, એપ્રિલ, ૧૮૯૦.

મીસીસ રેબેકા સીમીયન સ્ત્રિવ્યાધિમાં અને સુયાણીના કામમાં બહુ કુશળ જણાય છે. સ્ત્રીઓએ **મીસીસ રેબેકા** જેવી કુશળ દાઇના ઔષધથી વ્યાધિ નિર-મુકત થઈ સંતતિ અને કુળાનું કલ્યાણ કરવા ચુકવું જોઇતું નથી.—**રાજ્યભકત-સ્વધર્મનિષ્ટ.** તા૦ ૧૭ મી, ડીસેમ્બર, સને ૧૮૮૯.

અમને પણ આ બાઇના (**સૌ૦ રેબેકાબાઇના**) પોતાના ધંધામાં વાકેબગારીની બાબદમાં બે ત્રણ વખત સારો અનુભવ આવેલો છે. તેમજ તેમના જેવું બાઇઓમાં સુશીલપણું, મમતાળુપણું, દયાળુપણું, શાંતપણું, વિગેરે ગુણો જે જરૂર હોવા જોઇએ તેવા પણ ગુણ આ બાઇમાં પુરા વસે છે, એવો અમોને અનુભવ આવેલો છે.—**નેટિવ ઓપિનિયન,** તા૦ ૨૪ મી, ફેબ્રુઆરી ૧૮૮૯.

અમો ખાત્રીથી અહીં લખીએ છીયે કે, **રેબેકાબાઇ**, એ આબરૂદાર; સુશીલ અને પોતાના ધંધામાં હુશીઆર છે. અને તે સ્ત્રીઓના તેમજ બાલકોના નાના પ્રકારના રોગોપર હુશીઆરીથી ઔષધોપચાર કરી ખાત્રીથી તેના રોગ હઠાવછે. રેબેકાબાઈ પોતાનું કામ બહુ બારીકીથી અને વિચારપૂર્વક કરે છે, એટલા માટે તેમને જશ મળે છે, એ અમારા અનુભવની વાત સર્વે લોકોને જાહેર કરવામાં અમને ઘણો સંતોષ ઉપજે છે.—**પંડિત અથવા શિવિલ અને મિલિટરિ ઇનિસ્ટ્રકટર,** ૨૨-૧૧-૮૯.

રેબેકાબાઈ એ સ્ત્રીરોગ ઉપર ઔષધોપચાર (દવા ઈલાજ) કરવામાં સારા હુશીઆર અને બચ્ચાં જણાવવાનાં કામમાં બહુ કુશળ છે; આ શિવાય તે સારા સ્વભાવના અને મમતાળુ છે. તેના જ્ઞાનનો, કુશળતાનો, અને અનુભવનો લાભ અમારા પાછળના લોકોએ જરૂર કરીને લેવો, એવી અમારી શિફારસ છે. **દીનબંધુ.** ૬-૬-૯૭.

સૌ૦ રેબેકાબાઇની બચ્ચાં જણાવવાનાં કામમાં તથા સ્ત્રીરોગ જ્ઞાન વિષે જે એટલી સુપ્રસિદ્ધ છે, તે ખરેખર ખાત્રી લાયક છે. કેટલાક મહિના અગાઉ અમારાં સગાંમાંથી એક બાઇ સ્ત્રીરોગથી ઘણા દીવસ થયા પીડાતી હતી. તેને રોગ મટાડવા માટે અમોએ ડાકટર, વૈદ્યોની દવા કરી, પણ કેહેવાજોગ ફેર જણાયો નહી. છેવટે, અમે **રેબેકાબાઈની** દવા સુરૂ કરી. તેથી એક મહિનામાં ઉત્તમ ગુણ આવ્યાનો અમને પોતાને પ્રત્યક્ષ અનુભવ છે. તેમજ એવા અનેક દાખલાઓ અમારા મિત્રો તરફથી પણ અમને જણાવવામાં આવ્યા છે. **રેબેકાબાઇના** ગુણની કીર્તી(વખાણ) બહારગામમાં પણ હોવાથી અનેક ગૃહસ્થો પોતાનાં બૈરાં માણસોની મુંબઇમાં રેહેવાની સઘવડ કરી આ બાઈના દવા ઇલાજે ચલાવે છે, એવાત તો પ્રસિદ્ધજ છે (સહુને માલમજ છે.)—**વ્યાપારોત્તેજક,** તા૦ ૧ લી જાનેવારી, ૧૮૮૯.

રેબેકાબાઇ આજ આશરે **બાવીસ વરસથી** વિશેષ કરીને પોતાનું કામ મુંબઇમાં ચલાવે છે. છોકરાં જણાવવાનાં કામમાં અને સ્ત્રીરોગ ચિકિત્સામાં **રેબેકાબાઇ** ઘણી હુશીઆર છે. આ બંને કામો યશસ્વી રીતે (ફત્તેહમંદીથી) કરે છે. આ બાઇના જ્ઞાનનો તથા કુશળતાનો લાભ અમારી બેનોએ જરૂર કરી લેવો એવી અમો અમારા પોતાના અને મિત્રોના અનુભવ ઉપરથી અને ખાત્રી ઉપરથી ઘણા હરખથી સીફારસ કરીએ છીએ.—**બેને ઇસ્રાએલ, આગષ્ટ-સપ્ટેમ્બર,** ૧૮૯૭.

અમો **સૌ૦ રેબેકાબાઈના** વખાણ સાંભળતાં હતા. અનેક વખતે તો અમારા કેટલાક મીત્રોના કુટંબોને તેમના થકી આરોગ્યની બાબદમાં અનેક રીતે લાભ થયો છે, એપણ અમને સારી રીતે માલમ છે. **રેબેકાબાઈને** પોતાના ધંધાસંબંધી એટલું સારૂં જ્ઞાન અને તેમાં તેમની એટલી કુશળતા તેમને પ્રાપ્ત થવાના કારણો, તેમનો આજ આટલા દહાડાનો અનુભવ, તેમનું ઉદ્યોગીપણું, તેમની બુદ્ધિમત્તા, વાચન, અને હમેશનો અભ્યાસ, એણે કરીને પોતાનું જ્ઞાન વધારવાની તેની અભિરૂચી, અને પ્રસુતીકરણ અને સ્ત્રીરોગચિકિત્સા એજ વિષય તરફ તેમના બધો લક્ષ અને તેજ પ્રિત્યર્થે તેમનો સઘળો પરીશ્રમ એ મુખ્ય છે. **સૌ૦ રેબેકાબાઈના** જ્ઞાનનો, કુશળતાનો અને અનુભવનો ફાયદો અમારી સ્ત્રીઓએ જરૂર કરી લેવો, એવી અમો ખસુસ શીફારસ કરીએ છીએ. **મુંબઈ વૈભવ.** ૩-૨-૯૬

ડૉકટર, વૈદ, ઈત્યાદિકોના કેટલાંક સર્ટિફિકેટમાંના ઉતારા.

૧. મિસેસ રેબેકા સિમિયન, ગ્રાંટ મેડિકલ કૉલેજમાં પાસ થયલી સુયાણી, એની સાથે પ્રસુતિનું કામ કરવાનો ઘણીવાર પ્રસંગ મને આવેલો છે. અને તે તે પ્રસંગે [વખતે] એની તરફની ઘણી સહાયતા મને મળેલી છે. એ સુયાણીબાઈ મેહેનતુ, બુદ્ધિમાન, પ્રતિષ્ઠિત [આબરૂદાર] છે, એવો મારો અનુભવ છે:—**ડા૦ ગોપાલ શિવરામ.** એલ. એમ; જે. જે. ઑસ્પિટલના માજી આસિસ્ટંટ સર્જન, અને ગ્રાંટ મેડિકલ કૉલેજના વર્નાકયુલર કલાસના "શસ્ત્રવૈદ્યક" અને "ન્યાયવૈદ્યક" ના શિક્ષક.

૨. મિસેસ રેબેકાસિમિયન, એ સારી અનુભવિક સુયાણી છે, એની પોતાના કામમાં વાકબગારી અને એનું પ્રતિષ્ઠિતપણું (આબરૂ ઇજ્જત) જોઈને, તે ઉપરથી જે કુટુંબમાં એની સહાયતાની જરૂર હોય, તેની આગળ હું એની મોટા આનંદથી શિફારસ[ભલામણ] કરૂં છું:—**ડા૦ એ. ડાગામા.** એમ.ડી. ફિઝિશિયન.

૩. રોગીઓની મહાવજત કરવામાં **રેબેકાબાઈની** વાકબગારી જોવાનો મને ઘણો પ્રસંગ મળેલો છે. હાલમાં તો એનો અનુભવ સારોજ વધેલો છે.**ડા૦ થૉમસ બ્લેની**

૪. હું સ્ત્રીરોગચિકીત્સા કરતે વેળા જે સ્ત્રીઓ પોતાની રોગપરીક્ષા મારી પાસે કરાવવામાં સંકોચ પામે છે, તે સ્ત્રીઓને **રેબેકાબાઈએ** મારે માટે ઘણીવાર તપાસીને તેની રોગપરીક્ષા મારી પૂર્ણ ખાત્રીલાયક કરેલી છે. **ડા૦ સી. એચ. એફ. અંડરવુડ.** એલ, આર. સી. પી. ઈ; એલ. આર. સી. એસ. ઈ.

૫. પ્રસુતિના અને સ્ત્રીઓને થનારા એવા કેટલાક રોગોનાં કામ એ સુયાણીનીજ વ્યવસ્થાનીચે સર્વસ્વી આપવાને જે મને પ્રસંગ(તક)આવે છે,તે કરતાં પણ વધારે આવે, તો વધારે સારૂં, એવું હું ચાહું છું. **ડા૦એ. એમ.ડિસોઝા,** એલ. એમ.

૬. મિસેસ રેબેકા સિમિયનને હું ઘણા વર્ષ થયા ઓળખું છું. અને સ્ત્રીઓના રોગપર ઔષધ ઉપચાર કરતી વખતે હું એની સાથે વારંવાર હોઊં છું. એ બાઈની સહાયતા મને ઘણી ઉપયોગી પડે છે, અને ઘણાક રોગ સારા કરવામાં યશ પ્રાપ્તિ થએલી જોઈને મને સંતોષ થાય છે. **ડા૦ જે. ઍન્ડરસન. સર્જન મેજર** અને સર જમસેદજી જીજીભાઈની આસ્પીટાલના માજી હાઊસ સર્જન.

૭. પ્રસૂત થનારી(જણનારી) અને સ્ત્રીરોગ પીડીત કેટલીક બાઈઓને, **રેબેકાબાઈ** પાસેથી ઔષધ લેવાને માટે અને તેણીની નીધાનીચે રહેવા માટે, શિફારસ કરીને, તેમની પાસે મેં કોઈ કોઈ વાર મોકલેલી છે. અને તે ઉપરથી એ બંને પ્રકરણ (બાબતમાં) તેણીનું સારૂં જ્ઞાન છે, એવું મને તદન ખાત્રીથી માલમ પડી આવ્યું છે. **ડા૦ એદલજી કાવસજી.** એલ. એમ. એન્ડ. એસ.

૮. રેબેકાબાઈ આબરૂદાર અને સારી અનુભવિક સુયાણી છે. પ્રસુતિકરણ વિદ્યા અને સ્ત્રીઓના રોગ સંબંધી તેનું જ્ઞાન જોવાનો મને વારંવાર પ્રસંગ આવ્યાથી તે બાબે તેણીનું સારૂં જ્ઞાન છે, એવી મારી પૂર્ણ ખાત્રી તેણીએ કરી આપી છે. **ડા૦ વીઠુલદાસ એમ. દેસાઈ,** એલ. એમ. એન્ડ. એસ.